શ્રી વલ્લભાચાર્યજીનો પાર્દુભાવ “

હે વલ્લભ! અદભુત! આપના જન્મનું પ્રાકટ્ય જે રીતે સાંભળ્યું, જાણ્યું અને પામ્યું સાચે જ એક સાપેક્ષ અનુભૂતિ થઈ, અનોખો પાર્દુભાવ સંકેત જગાડે છે. બ્રહ્માંડની અલૌકિક સૃષ્ટિમાં સર્વોચ્ચ ઐશ્વર્ય ઉર્જા સાથે પુષ્ટિ પ્રમેય બળનો સ્પર્શ કરાવી વૈજ્ઞાનિક સિદ્ધાંત પ્રમાણિતથી જગતને સર્વોત્તમ યોગ્ય જ્ઞાન પ્રદાનથી સંસ્કૃત કરે છે. જીવનાં પંચ મહાભૂત તત્વો – તેજ, આકાશ, જળ, વાયુ અને રજ એટલે સૂર્ય, આકાશ, સાગર, વાયુ અને ધરતી જેનાથી રચાયેલ આ કાયા અને પ્રાણ સાચે જ આત્મા પરમાત્માથી એકાત્મ છે. મહાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગ, આલબેર્ટ આઇસ્ટિન અને આઇજેક ન્યૂટનનો સિદ્ધાંત – થિયરી ઓફ એવરીથિંગ - જનરલ રિલેટિવિટી અને ક્વાંટમ ફિજિક્સ. આઇજેક ન્યૂટનનો ગુરત્વાકર્ષણ નિયમ, આલબેર્ટ આઇસ્ટિનનો સાપેક્ષ સિદ્ધાંત અને સ્ટીફન હોકિંગનો ક્વાંટમ ફિજિક્સ.

આ ત્રણેનું વિજ્ઞાન એટલે શ્રીવલ્લભાચાર્યજીનો પાર્દુભાવ.

સૂર્ય, તારા, ચંદ્ર, આકાશગંગા, ગ્રહો, નિહારિકા, ધરતી, વનસ્પતિ, પશુ, પંખી, કીટક, ક્ષર, જ્વાળામુખી, જળ, નદી, તળાવ, સાગર, વાયુ વિગરે શું છે? આપણાં જીવ અને જીવન સાથે તેઓ કેટલા સામ્ય છે? આ સર્વ મનુષ્ય જીવ અને જીવન માટે અંશ અંશે આત્મીય છે, સજીવીય છે, ઉર્જિય છે, ચેતનીય છે, વિદ્યુતીય છે. જગતનાં અનેકો વૈજ્ઞાનિકોએ બ્રહ્માંડની અનેક શોધો અને અભ્યાસ સૈદ્ધાંતિકતાથી કર્યો અને એવા તારત્મય તારણો અને પ્રમાણિત ઈશ્વરીય નિયમો, સિદ્ધાંતો શોધ્યા જે જીવ અને બ્રહ્માંડની અનેક ગતિવિધિથી થતી અસરોથી જન્મ, જન્મ પર્યાંત અને મૃત્યુ પછી શું ગતિ પામીએ છીએ તેનાં અદ્વિતીય રહસ્યો પામ્યા.

શ્રીવલ્લભાચાર્યજીનું પ્રાકટ્ય અત્યાર સુધીની જે પૌરાણિકતા કે માન્યતા પ્રમાણિત થયેલ છે તેને વૈજ્ઞાનિક સિદ્ધાંતથી પ્રમાણિત છે તે સિદ્ધ થાય છે. એટલે શ્રીવલ્લભાચાર્યજી સોમયજ્ઞ, અધૂરે માસે ગર્ભ ધરી કે કોઈ ઐશ્વર્ય પ્રક્રિયા કે અંધશ્રદ્ધા કે ધર્મઅંધતાથી પ્રાકટ્ય એટલે જન્મ નહીં પરંતુ વૈજ્ઞાનિક સિદ્ધાંતો અનુસાર જ જન્મ કે પ્રાકટ્ય સિદ્ધ થાય છે. જે એક અલૌકિકતા છે, જે એક ચમત્કાર છે, જે એક નિશ્ચિંતતા છે, ઉત્તમતા છે, અદભૂતતા છે, વૈવિધતા છે, આધ્યમતતા છે. તેમના જીવ, કાયા અને પ્રાણને અનોખા પ્રકારની ઉર્જા, આત્મીય તત્વોનો સમન્વય થયો જે જગત માટે અદભૂત અને અલૌકિક ઐશ્વર્ય પ્રક્રિયા છે, જે જગતને સદા અચંભિત જ કરે છે. આ અચંભિતતા કેવળ એવા જ આત્મીય જીવ, પ્રાણ અને આત્મા પામે છે જે અવશ્ય પરમ શક્તિ, ચેતનાનો પાર્દુભાવ જ હોય. જે કોઈ બળ, પ્રમેય બળથી જ ઉદભવે છે.

Vibrant Pushti

આપણે ન્યૂટન, આઈન્સ્ટાઈન અને સ્ટીફન હોક્વિંગનો ગુરત્વાકર્ષણ બળ નિયમ, સાપેક્ષતાનો સિદ્ધાંત અને ક્વાંટમ ફિજિક્સ સિદ્ધાંતથી અભ્યાસ કરીએ તો અવશ્ય શ્રીવલ્લભાચાર્યજીનો જન્મ કે પાર્દુભાવ પ્રમાણિત થાય જ છે. નીચે દર્શાવેલ ચિત્રજી એક ઉત્તમ પ્રમાણ છે.

આ ચિત્રજીમાં બાળ સ્વરૂપે શ્રીવલ્લભાચાર્યજી સાથે માતાપિતા શ્રીઇલ્લમાંગુરુ અને શ્રીલક્ષ્મણ ભટજી જોડે શ્રીદામોદરદાસ હરસાનિજી, ગ્રામજન અને ઋષિમંડળી, સૃષ્ટિ, પ્રકૃતિ, ધરતી, વાયુ અને તેજ એટલે અગ્નિ, એક આત્મીય જીવ, પ્રાણ અને આત્માને બળ, પ્રમેય બળ, પરમ શક્તિ, ચેતનાનો સમન્વય સંસર્ગથી બ્રહ્મસંબંધ કરાવે છે. આજ છે ન્યૂટન, આઈન્સ્ટાઈન અને સ્ટીફન હોક્વિંગનો ગુરત્વાકર્ષણ બળનાં નિયમ, સાપેક્ષતાનો સિદ્ધાંત અને ક્વાંટમ ફિજિક્સ સિદ્ધાંત.

ઓહ્હ! અદભૂત! અનોખું! અવિસ્મરણીય!

ચિંતન, મનન અને અધ્યયન કરીએ – આ એક એવી સિદ્ધિ છે જે જગતનાં સર્વે વૈજ્ઞાનિકોને પોતાની શોધ ઉપર ગર્વ અનુભવે. સમય, સ્થળ, ઉર્જા, પદાર્થ અને જીવ, પ્રાણ, આત્મા અને ઐશ્વરીય પરમાત્મા એક અલૌકિક જીવની રચના (પાર્દુભાવ) કરે છે – એક અનંત ષષ્ઠયામી ડાઇમૈન્શન. જેમાં અવકાશ, સ્થળ, સમય, પ્રકાશ (તેજ), ગતિ, વીજચુંબકત્વ, સંકોચન, વિસ્તરણ, વિસ્ફૂરણ, દ્રવ્ય, ઉર્જા શક્તિ, ગુરુત્વાકર્ષણ વિગરેની અદભૂત ભૂમિકા છે. ગુરત્વાકર્ષણ એક એવી પ્રાયોગિકતા છે બ્રહ્માંડમાં કોઈપણ અસર પમાડી શકે છે. આજે ગુરત્વાકર્ષણનાં તરંગો પણ ઓળખાય છે – કેટલી અદભૂતતા. આ તરંગોથી જ સૃષ્ટિ, પ્રકૃતિ અને જીવમાં અનેકો પરિવર્તન થાય છે અને કરી શકાય છે.

Vibrant

આ જ નિયમો આધારિત સ્ટીફન હોવ્કિંગે ક્વાંટમ ફિજિક્સ સિદ્ધાંતમાં એટોમ, ઇલેક્ટ્રોન અને ફોટોન જે સૂક્ષ્મ થી સૂક્ષ્મ થી સૂક્ષ્મ કોસ્મિક માઇક્રોવેવ પૃષ્ઠભૂમિનું પરિવર્તન જાણી શકીએ છીએ, પરિવર્તન કરી શકીએ છીએ. જે પ્રમાણિત કરે છે કે બ્રહ્માંડ સ્થિર અને શાશ્વત નથી. આપણી માન્યતાની અનેક અનિશ્ચિતતાને ઉકેલી શકીએ છીએ. જર્મન વૈજ્ઞાનિક મેક્સ પ્લેંકે પ્રમાણિત કર્યું કે ઇલેક્ટ્રોન જે એટોમની આસપાસ ધુમે છે અને જે ઉર્જા ફેંકે છે તે ઉર્જા એટોમની ફ્રિક્વન્સી આધારિત છે, જે ઇલેક્ટ્રોન છે તેનાં તરંગ કણ કણનાં રૂપમાં હોય છે જે યોગ્ય જરૂરિયાત પ્રમાણે ગણતરી કરી ફ્રિક્વન્સીની અનિશ્ચિતતા આધારિત ઉર્જા આપી શકાય છે.

ક્વાંટમ મિકેનિક્સનાં અભ્યાસથી અનેક કણોને ગણિતથી યોગ્ય માર્ગદર્શિત કરી શકાય છે.

શ્રીવલ્લભાચાર્યજીનાં જીવ, કાયા, પ્રાણ અને આત્મામાં એટલા યોગ્ય, પવિત્ર, વિજ્ઞાની, સંજ્ઞાનિ, ઉત્તમ, બ્રહ્માંડનાં તત્વો અને આસપાસ ઉભેલા જીવાત્માનો વિશુદ્ધ પરમોચ્ચ પ્રાણોદય નો સમન્વય થયો કે શ્રીવલ્લભાચાર્ય ઉત્કૃષ્ટ આચાર્યતા પામ્યા. પુષ્ટિ પ્રણેતા પ્રસ્થાપ્યા, જીવ જગત ઘડવૈયા થયા. એક એક નિયમ, સિદ્ધાંતને એવી રીતે પરિસ્કૃત કર્યું કે જગતનાં સર્વે શિક્ષિત સ્નાતક અવશ્ય તેમના ચરિત્રને સંસ્કૃતે છે.

ચોક્કસ વિશ્વાસ છે કે આજનો યુવાન આ ચરિત્રને વિજ્ઞાનની દ્રષ્ટિએ શિક્ષિત થશે તો તે અવશ્ય સત્ય પામશે. સ્વ જીવન ઉત્કૃષ્ટ કરશે જ.

न हि मदीयानां अन्यत्र मनौ भवति, मद् संबंध स्यैव तथा सामर्थयात्

सर्वे पुरुषा: भगवत: क्रीडा प्रतिमा:

भागवत सिद्धांते तु भगवति सहजम् कतृत्वम

यथा वेदो प्रमाणम तथैव भगवद् वाक्यम्

सर्वेषां स्वकीयानाम् सर्वम् एव कार्यम् स्वयं करोति

तस्मात् जीवा: पुष्टिमार्गे भिन्ना एव ण संशय:। भगवद्-रूप सेवार्थम् तत्सृष्टि न अन्यथा भवेतु

ગર્વની વાત છે કે આપણાં ઋષિમુનિઓ બ્રહ્માંડની અનેક વૈજ્ઞાનિકતામાં પાવરધા હતા અને તેઓએ અનેક નિયમો, સિદ્ધાંતોને શોધ્યા, પણ આપણી સ્વ યોગ્યતા અને સ્વભાવ વૈવિધતાએ આપણાંને એવા નિમ્ન બનાવ્યા, ઘડયા, મનાવ્યા, શિખવ્યા, સમજાવ્યા, નિરુપ્યા કે આપણે કેવળ " મારો પૈસો અને હું પૈસાનો દાસ " ભૌતિક સુખ સિવાય સર્વ, તમામ નકામું. ચાહે ને ગમે તેટલા અવતાર, જન્મ, પાર્દુભાવ થાય – પણ – પૈસો મારો પરમેશ્વર અને હું પૈસાનો ગુલામ "

Vibrant Pushti

“ પૈસા વિના નહીં ઉદ્ધાર “ મારૂ, મારૂ, તમારું મારૂ, નહીં મારૂ તમારું “

શ્રીસુબોધિનીજી, શ્રીમદ ભાગવત, શ્રીમદ ભગવત ગીતા, વેદ, ઉપનિષદ બ્રહ્માંડનું અનોખું વિજ્ઞાન, પ્રજ્ઞાન અને સર્વોત્તમ જ્ઞાનાત્મક નિયમાવલી, સત્ય સૈદ્ધાંતિક શિક્ષિકા છે. જે આજે આપણે તરછોડીએ છીએ, તિરસ્કૃત કરીએ છીએ, ભૂલીએ છીએ, ખોઈએ છીએ, અંધશ્રદ્ધિએ છીએ.

બ્રહ્માંડ પૂર્વ પશ્ચિમ નથી તે તો એક જ છે. આપણાં માનસિક વાડા, અજ્ઞાનતા, અધૂરૂપતા, માનસિક નિમ્નતા સ્વને વધુને વધુ અણઘડ, લોલૂપ, મૂર્ખ, અંધશ્રધ્યેય, અહંકારી, અભિમાની, ધૂર્ત, દુષ્ટ, અવિવેકી, અસ્થિર, ભ્રષ્ટ, દ્રષ્ટિહિન બનાવી રહ્યા છે.

વેદ જ્ઞાન, ઉપનિષદ વિજ્ઞાન, શ્રી મદ ભાગવત પ્રજ્ઞાન અને શ્રી મદ ભગવત ગીતા સજ્ઞાન જીવ જીવન અને સ્વભાવને વિવેકી, વિવેચની, વિજ્ઞાની, વિલક્ષણી, વિગુણી, વિદ્યાર્થી, વિકૃત્જ્ઞી, પરમ પૂર્ણતા પમાડે જ છે.

એક એક જીવ સ્વ જાગૃતતાથી બાળપણથી જ જે શિક્ષણ, સંસ્કાર પામે છે તેમાં શિસ્ત, નિર્ભયતા, સ્વ આધારિત, સ્વ નિર્ણયાનીત, વિવેક, સત્ય, શુદ્ધ અને યોગ્ય સૈદ્ધાંતિકતા પામી સ્વને દિશાસૂચક, માર્ગદર્શી, સત્યનિરક્ષિત, યોગ્ય અનુભવીનું ઘડતર કરે તો અવશ્ય આનંદ, ઐશ્વર્ય, વૈભવ, પરમ સુખ પામે જ પામે.

સ્વ શિક્ષિત, સ્વ સંસ્કૃત, સ્વ નિર્મિત અવશ્ય પારખી જ શકે છે – હું કોણ? મારી સાથે કોણ?

આપણે યોગ્ય તો આપણી સર્વથા યોગ્ય.

“ જય શ્રી કૃષ્ણ “

Vibrant Pushti
૫૩, સુભાષપાર્ક, સંગમ ચાર રસ્તા, હરણી રોડ, વડોદરા – ૩૯૦૦૦૬
Email: vibrantpushti@gmail.com - **Mobile - 9327297507**

Vibrant Pushti